# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-03-2025 Day : Tuesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આસુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી - મોરેશિયસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત અને મોરેશિયસે તેમની ભાગીદારીને ઉન્નત વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવાનો નિર્ણય લીધો છે. મોરેશિયસના રાષ્ટ્રીય દિવસના ખાસ પ્રસંગે, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તેમને તેમના મોરેશિયસ સમકક્ષ નવીનચંદ્ર રામગુલામને મળવાની તક મળી.

ગઈકાલે બીજા દિવસે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેમ્પ ડી માર્સ ખાતે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. સમારોહ દરમિયાન મોરેશિયસના રાષ્ટ્રપતિ ધરમવીર ગોખુલે ભારત મોરેશિયસ ભાગીદારીમાં તેમના શાનદાર યોગદાન બદલ પીએમ નરેન્દ્ર મોદીને ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ હિંદ મહાસાગર એનાયત કર્યો. સંયુક્ત પ્રેસ નિવેદનમાં શ્રી મોદીએ કહ્યું કે બંને દેશ ફક્ત હિંદ મહાસાગર દ્વારા જ નહીં પરંતુ પરંપરા અને સંસ્કૃતિ દ્વારા પણ જોડાયેલા છે.

અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની બે દિવસીય સત્તાવાર મુલાકાતના ભાગરૂપે તેમના મોરેશિયસ સમકક્ષ નવીન રામગુલામ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી. તેમની મુલાકાતના બીજા દિવસે ભારત અને મોરેશિયસ વચ્ચે ઘણા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------

## સંસદ – તેલક્ષેત્ર નિયમન સુધારા ખરડો

સંસદે તેલક્ષેત્ર નિયમન અને વિકાસ સુધારા ખરડો, 2024 પસાર કર્યો છે. આ ખરડો તેલક્ષેત્ર નિયમન અને વિકાસ અધિનિયમ, 1948માં સુધારો કરશે. તે ખનિજ તેલની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જેમાં કુદરતી રીતે બનતા હાઇડ્રોકાર્બન, કોલસામાંથી મળતા મિથેન અને શેલ ગેસનો સમાવેશ થાય છે. આ કાયદામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ખનિજ તેલમાં કોલસો, લિગ્નાઇટ અથવા હિલીયમનો સમાવેશ કરવામાં આવશે નહીં.

---

## રાજ્ય વિધાનસભા- અંદાજપત્રીય માંગણી

ગુજરાત વિધાનસભામાં ગઈકાલે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ 2025-26ની 14 હજાર 102 કરોડ રૂપિયાથી વધુની અને મહિલા અને બાળવિકાસ વિભાગની સાત હજાર 668 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રીય માગણીઓ પસાર કરવામાં આવી.

આ માગણીઓ અંગે સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે ગૃહમાં જણાવ્યું, આ વખતના અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા-યોજના સહિત વિવિધ યોજનાઓ માટે કુલ 14 હજાર 102 કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ છે, જે ગત વર્ષની સરખામણીએ બે હજાર 577 કરોડ રૂપિયા જેટલી વધુ છે.

બીજીતરફ માગણીઓની ચર્ચામાં મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરીયા વતી રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ જવાબ આપતા જણાવ્યું કે, મહિલાઓને પૂર્ણ સન્માન અને દરેક ક્ષેત્રે સમાન તક મળે એ રાજ્ય સરકારની નેમ છે. શ્રી પાનશેરિયાએ મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીના યોજાયેલા કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો હતો.

---

## રાજ્ય વિધાનસભા શાળા ફી નિયમન

રાજ્યની ખાનગી શાળાઓમાં ફી નિયમન સમિતિ- F.R.Cની માર્ગદર્શિકા મુજબ ફી નિર્ધારિત કરવામાં આવી છે અને તે મુજબ ફી લેવામાં આવે છે. ગુજરાત વિધાનસભામાં એક પ્રશ્નનો જવાબ આપતા શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરે આ અંગે માહિતી આપતા જણાવ્યું, સ્વનિર્ભર શાળાઓ ફી નક્કી કરે છે ત્યારે તેને સૌપ્રથમ F.R.C. સમક્ષ રજૂ કરાય છે, જ્યાં યોગ્ય ચકાસણી બાદ તેને ફેરફાર સાથે મંજૂર અથવા નામંજૂર કરાય છે.

---------------------------------------------------------------------------------

## અંબાજી – હોળી પ્રાગટય

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં આજે સાંજે સાત વાગ્યે હોળી પ્રગટાવાશે. જ્યારે મંદિરમાં સાંજે સાડા છ વાગ્યે થતી આરતી પણ હોળી પ્રગટાવ્યા બાદ જ કરાશે. આ ઉપરાંત મંદિરમાં પૂનમની આરતી શુક્રવારે સવારે છ વાગ્યે થશે. આ વખતે આજે અને શુક્રવારે એમ બે દિવસ પૂનમ હોવાથી ભક્તોને બે પૂનમની આરતીનો લ્હાવો મળશે. અંબાજી મંદિરે પૂનમ ભરવા આવનારા ભક્તો માટે પૂનમ શુક્રવારે ગણાશે તેમ અંબાજી મંદિરના ભટ્ટજી ભરત પાધ્યાએ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## કચ્છ - હોળીપર્વ

આજે હોળીનાં પર્વની શ્રધ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. જિલ્લા ભુજ અન્ય શહેરો અને ગામોમાં સાંજે હોળી પ્રગટાવવામાં આવશે. એ પહેલાં હોલિકા પુજન થશે. ભુજમાં મા આશાપુરા, હાટકેશ્વર, ધિંગેશ્વર સહિતના મંદિરોમાં અને જાહેર ચોકમાં હોળીનું પ્રાગટ્ય થશે. આ વખતે પૂનમનો આરંભ મોડો થતાં હોળી સાંજે સાડા સાત પછી પ્રગટશે. આજે ચાલુ વર્ષનું પ્રથમ ચંદ્ર ગ્રહણ થશે. પણ ભારતમાં તે ક્યાંય દેખાશે નહિ તેથી તેના નિયમોનું પાલન નહિ થાય. આવતીકાલે રંગ અને ગુલાલનાં પર્વ ધુળેટીની ઉજવણી થશે. હોળી, ધુળેટી પર્વ નિમિતે છેલ્લી ઘડીની ખરીદી માટે બજારોમાં લોકો ઉમટી પડ્યા હતા. હારડા, પતાસા, ધાણી, ખજૂરની લોકોએ ખરીદી કરી હતી. રમજાન માસ નિમિતે પણ બજારોમાં ભીડ જોવા મળી હતી.

---

## હવામાન

રાજ્યના કચ્છ, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લામાં 24 કલાક માટે અતિશય ગરમીનું મોજું ફરી વળવાની એટલે કે, રેડ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, મોરબી, રાજકોટમાં ઑરેન્જ અલર્ટ તેમ જ વડોદરામાં યલો અલર્ટ અપાયું છે.

દરમિયાન જિલ્લા મથક ભુજમાં મહતમ તાપમાન સુચક પારો થોડોક નીચો ઉતરવા સાથે ગઈકાલે મહતમ તાપમાન 40.2 ડિગ્રી સેલ્સીયશ નોંધાયું હતું. જયારે કંડલા એરપોર્ટ ખાતે 42.4 ડિગ્રી ઉંચુ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં રાત્રી દરમિયાન પણ ઉકળાટ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેમજ શુક્રવાર બાદ ગરમીમાં રાહત રહેશે તેવુ જણાવાયું હતું.

---